# લહીયાની સુવિધા આપવા અંગેની સુચનાઓ

**જાહેરાત ક્રમાંક:૧૫૦/૨૦૧૮૧૯ અન્વયે બિન સચિવાલય કલાર્ક અને સચિવાલયના ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ની લેખિતપરીક્ષા.ભાગ-૧**

---

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા.૨૦/૧૦/૨૩૦૧૯ના રોજ યોજાનાર **બિન સચિવાલય કલાર્ક અને સચિવાલયના ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ની લેખિત પરીક્ષા ભાગ-૧**માં નીચે મુજબની વિકલાંગ કેટેગરીના ઉમેદવારોને લહિયાની સુવિધા મળવાપાત્ર છે.

(૧) **અંધ ઉમેદવાર** (૨) **લોકોમોટર ડીસએબીલીટી(બંને હાથની ખામી–BA)** અને (૩) **સેરેબ્રલ પાલ્સી**

ઉકત ત્રણ કેટેગરીના ઉમેદવારોએ ઉકત વિકલાંગતા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

ઉકત **ત્રણ કેટેગરી સિવાયની વિકલાંગતા ધરાવતાં ઉમેદવારની** લહિયા માટેની માંગણી આવે તો **Government**ના **Chief Medical officer/Civil Surgeon/Medical Superintendent** નું આ સાથે સામેલ **Appendix-I** ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે સિવાય લહિયાની માંગણી ગ્રાહ્ય રાખી શકાશે નહિ. લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારને ૪૦ મિનિટનો વધારાનો સમય મળવાપાત્ર થશે.

ઉકત ત્રણ કેટેગરીની વિકલાંગતા ધરાવતાં તેમજ **Appendix-I** ના નમુનાનુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર લહિયાની સુવિધાની માંગણી ના કરે પરંતુ ૪૦ મિનિટ વધારાના સમયની જ માંગણી કરે તો ૪૦ મિનિટ વધારાનો સમય મળવાપાત્ર થશે.

લહિયાની મંજુરી માટે ઉમેદવારે પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલક પાસે પરીક્ષા શરૂ થવાના સમય પહેલા સુધી મેળવી લેવાની રહેશે. કેન્દ્ર સંચાલકશ્રીને લહિયાની મંજુરી માટે નીચેના પુરાવા રજુ કરવાના રહેશે.

- ઉમેદવારના કોલલેટરની ફોટો કોપી.
- ઉમેદવારની ફોટાવાળા પુરાવાની ફોટો કોપી.
- લહીયાની ફોટાવાળા પુરાવાની ફોટો કોપી.
- લહીયો ધો-૧૧ થી વધુ પાસ ન હોવા અંગેનો પુરાવો.
- લહીયાની ઉંમર ૩૩ વર્ષથી વધુ ન હોવા અંગેનો પુરાવો.
- આ સાથેના **Appendix-II** મુજબનું ઉમેદવારનું બાંહેધરીપત્ર.